# જાહેર માર્ગો પર બોકસમાં વેચાતી કેરી ખરીદતા ચેતજો

## શહેરમાં વેપારીઓ ગ્રાહકને બોકસમાં કેરી સાથે ઘાસ અને પુંઠા પધરાવે છે

ગાંધીનગર, તા.૨૦

કેરીના શોખીન ગાંધીનગરાઓ જાહેર માર્ગો પર બોકસ પેકીગમાં વેચાતી કેરી ખરીદતા ચેતજો... કેરીના વેપારીઓ કેરીના બોકસ પેકીંગમાં નીચેના ભાગે ઘાસ અને પૂંઠા ન પધરાવી દે તેની કાળજી રાખજો... શહેરમાં વેચાતી બોકસ પેકીંગ કેરીમાં આવી છેતરપીંડી થતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે સ્થાનિક તંત્ર એ ખાદ્ય ચીજવસ્તુઓમાં થતી ચીટીંગ સામે કાર્યવાહી કરવાનો સુર ઉઠયો છે.

કેરીની સીઝનમાં વેપારીઓ કેરીના બોકસમાં કેસર કેરીના નામે મોટા પ્રમાણમાં ભેળસેળ કરે છે. કેટલાક બોકસમાં ઉપરના ભાગે સારી અને નીચેના ભાગે સડેલી કરી ગ્રાહકોને ભટકાડે છે અને ગ્રાહકોના ખિસ્સા ખંખેરે છે. જયારે બીજી તરફ કાર્બાઈટથી પકવેલી કેરીઓ વેચી નાગરિકોના આરોગ્ય સાથે રીતસરના ચેડાં કરતા કિસ્સાઓ બની ચુકયા છે.

હવે વધુ રૂપિયા કમાઈ લેવાની લાલચમાં કેરીના વેપારીઓ નવો નુસખો અજમાવી ગ્રાહકો સાથે ખુલ્લેઆમ છેતરપીંડી કરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં વેપારીઓ હવે આ નવા નુસખારૂપે કેસર કેરીના બોકસમાં ઉપરના ભાગે કેરી અને નીચેના ભાગે ઘાસ અને પૂંઠા પાથરી મસ્ત બોકસ પેકીંગ કરી જાહેર માર્ગો પર અને બજારમાં તેનું ધૂમ વેચાણ કરી રહ્યા છે. આવા વેપારીઓ અડધી કેરી અને અડધા પૂંઠા અને ઘાસ ભરી ગ્રાહકોને રૂ. ૮૦૦થી ૧૦૦૦માં ૯ કિલો કેરી વેચી રહ્યા છે પરંતુ હકિકતમાં આવા બોકસમાં ૬ થી ૭ કિલો જ કેરી હોય છે. જેમાં કેટલાક ફળ સડી ગયેલા હોવાનું પણ પ્રકાશમાં આવે છે. શહેરમાં કેરીના વેપારીઓ વજનમાં ઓછી અને સડેલી કેરી ગ્રાહકોને પધરાવી ખુલ્લેઆમ ચીટીંગ કરી રહ્યા છે. વેપારીઓની આ પ્રકારની કમાઈ લેવાની વૃત્તિથી કેરીના શોખીન ગ્રાહકોને વસ્તુ અને રૂપિયાનું બેવડું નુકશાન વેઠવું પડે છે. કેટલાક વેપારીઓ માલ સારો બતાવે અને પધરાવે છે બીજો માલ. આ પરિસ્થિતિમાં વેઠવાનું માત્ર ને માત્ર ગ્રાહકોને જ આવે છે. આ પ્રકારની બોકસમાં ભેળસેળ અને ચીટીંગ કરતા વેપારીઓ દરરોજ પોતાનું ઠેકાણું પણ ચેન્જ કરી બીજા સ્થળે પલાયન થઈ જાય છે. શહેરના કેટલાક ગ્રાહકો દ્વારા પેકીંગ કેરીના બોકસમાં આ પ્રકારની છેતરપીંડી થતી હોવાની ફરિયાદો ગ્રાહકો કરી રહ્યા છે. સ્થાનિક તંત્ર એ કેરીના બોકસમાં થતી ગ્રાહકો સાથેની ચીટીંગ માટે કાર્યવાહી કરવાનો અવાજ પણ ઉઠવા પામ્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગુરુજી તમે, કથામાં કહ્યું કે... ગમે તેવો ભોરીંગને પણ એક ઘા પડ્યેથી કીડીઓ તાણી જઈ શકે એ વાત સાચી છે...!!

# પાસ દ્વારા રાજયભરમાં શહીદ યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન પાટીદાર સમાજના ૧૪ યુવાનો શહીદ થયા છે. જેને અનુલક્ષી પાટીદાર અનામત આંદોલન શહીદ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શહીદ યાત્રા આગામી તા. ૨૪ જુનને રવિવારના રોજ ઉંઝા ખાતેથી પ્રસ્થાન કરશે અને રાજયના વિવિધ ૯૭ તાલુકામાં ફરીને કાગવડ ખાતે પૂર્ણ થશે.આ ૪ હજાર કિ.મિ.ની યાત્રાને ૬૦ લાખથી વધુ નાગરીકો નિહાળશે. તેમ આજે ગાંધીનગર ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા પાટીદાર અનામત આંદોલનના દિલિપ સાબવાએ જણાવ્યું હતું.

પાટીદાર અનામત આંદોલન સમિતિના દિલિપ સાબવાએ શહીદ યાત્રા વિશે વધુ વિગત આપતા જણાવ્યું હતું કે તા. ૨૪ જુનના રોજ થી આ યાત્રાનો ઉંઝાથી પ્રારંભ થશે. ઉંઝા ખાતે યાત્રા પહેલા ૧૪ શહીદોની પ્રતિમા, તેમજ સરદાર પટેલ સાહેબની પ્રતિમા અને મા ઉમા, ખોડલની મૂર્તિ રહેશે. યાત્રા આરંભ પૂર્વે ઉંઝા મંદિર ખાતે પ્રતિમાનો અભિષેક થશે અને મૂર્તિની પૂજા કરવામાં આવશે. આ યાત્રામાં શહીદ યુવાનોના પરિવારજનો પણ ઉપસ્થિત રહેશે. આ યાત્રા ફકત અનામત, પોલીસ દમન, અને ખોટા કેસ અને શહીદોના ન્યાય અંગે જ ચર્ચા કરશે. પાટીદાર અનામત આંદોલન શહીદ યાત્રામાં કોઈ વ્યકિત વિશેષ નહીં હોય,યાત્રા દરમિયાન ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, સરદાર ગાથા અને અનામત સંદર્ભિત કાર્યક્રમો રહેશે, ઈલેક્ટ્રોનીકસ ઉપકરણો અને ટેકનોલોજીના માધ્યમથી સમાજને સંદેશો આપવામાં આવશે. યાત્રામાં મુખ્ય સ્લોગન પાટીદાર સમાજને બંધારણીય રીતે અનામત આપો, આંદોલન દરમિયાન થયેલા ખોટા કેસો પરત ખેંચો, પાટીદાર શહીદ પરિવારજનોને ન્યાય આપો, આ યાત્રામાં ગીનીસ બુક અને ગોલ્ડન બુક ઓફ રેકોર્ડના ઓબ્ઝર્વને પણ આમંત્રણ આપવામાં આવશે.યાત્રા દરમિયાન ધાર્મિક અને સામાજીક સંસ્થાના આગેવાનો પણ જોડાશે. યાત્રા દરમિયાન કુદરતી આપતિ આવે તો રૂટ અને સમયમાં ફેરફાર કરાશે. આ સમયે પાટીદાર આંદોલન સમિતિના સભ્યો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# ફરજના મુખ્ય મથક પર રાત્રિ રોકાણ નહિ કરનાર તબીબનું મકાન ભાડુ કપાશે

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લામાં જે તબીબ રાત્રિના સમયે ફરજના મુખ્ય મથકે નહિ જણાય તેના એચ.આર.એ.ની કપાત કરવામાં આવશે. આ અંગે રાજયના આરોગ્ય કમિશ્નરે આદેશ આપ્યો હતો. ત્યાં ગઈકાલે જિલ્લાની સંકલન સમિતિમાં પણ તબીબો રાત્રિના સમયે ફરજના મુખ્ય મથક પર રોકાણ નહિ કરતા હોવાની ફરિયાદો રજુ થઈ હતી.

ધારાસભ્યોએ કરેલી ફરિયાદને પગલે જિલ્લા કલેક્ટર લાંગાએ આ માટે એક સ્કવોડ બનાવવા અને સ્કવોડ દ્વારા આકસ્મિક ચેકિંગ કરી આવા અધિકારીઓને શોધી સરકારની સૂચનાના અમલમાં આગળ વધવા તંત્રને જણાવ્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તબીબી અધિકારીઓ મુખ્ય મથક પર રોકાતા નહિ હોવાની ફરિયાદો સતત ઉઠી રહી છે. રાજ્યમાં પણ આવી વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આથી રાજ્યના આરોગ્ય કમિશ્નરે પણ આવા તબીબો સામે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે તેમને આપવામાં આવતા મકાન ભાડામાં કાપ મુકવા સૂચવ્યુ હતુ.

ગઈકાલે ફરિયાદ સંકલન સમિતિમાં ધારાસભ્યોએ આ મુદ્દે રજુઆત કરી હતી ત્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ કમિશ્નર દ્વારા મળેલ સૂચના જણાવી હતી. ત્યારે સભ્યોએ કેટલા તબીબો સામે પગલાં લેવાયા તેવો અણિયારો સવાલ કરતાં જિલ્લા કલેક્ટર લાંગાએ દરમ્યાનગીરી કરી અને આ માટે સ્કવોડ બનાવવાનું સૂચન કરી વાતને વાળી લીધી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન આરોગ્ય વિભાગે આ માટે તાકીદ કરતો પત્ર પણ તૈયાર કરવાની દિશામાં વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સ્કવોર્ડ પણ એકાદ સપ્તાહમાં રચી દેવાશે.



ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરની નહેરુ ચોકડીથી આજરોજ સુજલામ સુફલામ જળ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા બાઈક રેલીનું આયોજન કર્યું હતું. સવારે ૧૦ કલાકથી પ્રસ્થાન થયેલી રેલી ૧૨ કિલોમીટર સુધી ફરી હતી. જેમાં નાંદોલ, વર્ધાના મુવાડા, અંગુઠલા, જાલીના મઠ, ખાનપુર થઈ પરત ફરી હતી અને ધરતી કોલ્ડ સ્ટોરેજ ખાતે રેલીનું સમાપન થયું હતું. આ કાર્યક્રમમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને ઉતર ઝોનના પ્રભારી દર્શકભાઈ ઠાકર, ગાંધીનગર જિલ્લા ભાજપ અધ્યક્ષ નૈલેશભાઈ શાહ, જીલ્લા યુવા મોરચા અધ્યક્ષ વિજેન્દ્રસિંહ અને પ્રભારી ધવલ દવે અને હિમાંશુ પટેલ સહિત કાર્યકરો મોટીસંખ્યામાં જોડાયા હતા.

# ફેસબુક પર ફ્રેન્ડ બનાવી યુવતીએ તેની ગેંગ સાથે મળી શિક્ષકને ચુનો લગાવ્યો

### હની ટ્રેપમાં ફસાયેલો શિક્ષક યુવતીને ગેસ્ટહાઉસમાં લઈ જઈને પસ્તાયો નકલી પોલીસ અને નકલી ભાઈઓએ શિક્ષકને પકડી દમ મારી તોડ કરવાનુ શરૂ કર્યુ : સે. ૧૧ના મેદાનમાં લઈ જઈ રૂપિયા, એટીએમ ખંખેરી બલેનો કાર પણ લઈ લીધી : ગેંગ આખરે પોલીસના સકંજામાં

ગાંધીનગર, તા. ૨૦

મહેસાણા નજીકના એક ગામની શાળામાં ફરજ બજાવતા શિક્ષક હની ટ્રેપમાં ફસાઈ ગયો હતો. ફેસબુક પર ફ્રેન્ડ બનાવી એક યુવતીએ શિક્ષક સાથે મીઠી-મીઠી વાતો કરી મળવાનું સેટીંગ કર્યુ હતુ. બીજી મીટીંગ બાદ બંને ગેસ્ટહાઉસ ગયા અને ત્યાર બાદ શિક્ષકને પસ્તાવાનો વારો આવ્યો હતો. યુવતીને પથિકાશ્રમ મુકવા જતા રસ્તામાં યુવતીના જ સાગરીતો નકલી પોલીસ અને નકલી ભાઈઓ આવી ગયા અને દમ મારી વિડીયો વાયરલ કરવાનુ કહી તોડ કરવાનું શરૂ કર્યુ હતુ. પાંચ લાખની માંગણી કરી બેલેનો કાર અને લાખ ઉપરની કેશ પડાવી લઈ આ ગેંગે શિક્ષકને ચુનો લગાવ્યો છે. બાકીની તોડની રકમ લેવા ધમકીઓ આપવાનું શરૂ કર્યુ હતુ. પોલીસ ફરિયાદ કરતા એસઓજીએ આ ગેંગને પકડી પાડી છે. જયારે મુખ્ય સુત્રધાર યુવતી હજુ ફરાર છે.

મળતી વિગત મુજબ મહુડી ખાતે રહેતા અને મહેસાણાના એક ગામની શાળામાં ફરજ બજાવતા એક શિક્ષકને દોઢેક મહિના પહેલા 'સોનુ' નામની એક યુવતીની ફેસબુક ઉપર ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી. ફેસબુક પર વાતચિત શરૂ કરીને મોબાઈલ નંબર મેળવી સોનુએ શિક્ષક સાથે ઈન્ફોસીટી નજીક એક મીટીંગ કરી..! મીઠી-મીઠી વાતો કર્યા બાદ બંને છુટા પડ્યા હતા. થોડા દિવસો બાદ શિક્ષકને એપોલો હોસ્પિટલમાં કોઈની ખબર કાઢવા આવવાનું થયું એટલે ફરી મળવાનુ નક્કી કર્યુ.

બીજી મીટીંગમાં બંને પેથાપુરની નટરાજ ગેસ્ટહાઉસમાં પહોંચી ગયા હતા. રૂમમાં વાતચીત શરૂ કરી ત્યાં સોનુને એક ફોન આવ્યો ને સોનુએ કહ્યુ મારા ભાઈનો ફોન હતો મારે તાત્કાલીક નીકળવુ પડશે. પથીકાશ્રમ મુકવા આવો..! ગેસ્ટહાઉસની બહાર નીકળીને બલેનો ગાડીમાં સોનુને બેસાડી બંને નીકળ્યા..! રસ્તામાં જ સોનુના મળતીયાઓ પૈકી એક બાઈક પર બે શખ્સો આવ્યા. પોલીસની ઓળખ આપી દમ માર્યો. તેટલામાં બીજા બાઈક પર બીજા બે શખ્સો આવ્યા જેમણે સોનુના ભાઈઓની ઓળખ આપી હતી. દમ મારીને શિક્ષકને સે. ૧૧ના મેદાનમાં લઈ ગયા અને મા-બાપને બોલાવ... આવા ધંધા કરે છે... તેવો દમ મારી શિક્ષકને ડરાવી દીધો હતો. યુવતીને મોકલી દઈ તોડની રકમ પાંચ લાખ નક્કી કરી તેની પાસેનું એટીએમ અને પીનકાર્ડ લઈ લીધુ.




ઘરેથી રૂ. ૮૦ હજાર લેવા મોકલી તે રૂપિયા ખંખેર્યા અને બાકીના રૂપિયા આપે ત્યાં સુધી બલેનો ગાડી લઈ લીધી હતી. એટીએમમાંથી રૂ. ૩૧ હજાર પણ ઉપાડી લીધા. હવે પઠાણી ઉઘરાણી શરૂ કરી એટલે શિક્ષકે ઘરે વાત કરી. આખરે સે. ૭ પોલીસ સ્ટેશનમાં શિક્ષકે ફરીયાદ આપતા એસઓજીની ટીમે ટ્રેપ ગોઠવી ચાર શખ્સોને પકડી પાડ્યા છે. ન્યુ વાવોલ સંકુલ રેસીડેન્સીમાં ડી-૩૦૩માં રહેતા સાગર ભરત જાની, કૃષ્ણનગર રહેતા બ્રિજેશ હરેશ પટેલ, સે. ૪-બી પ્લોટ નં. ૩૭૫/૨ માં રહેતા રવિરાજ નરેન્દ્રસિંહ ઝાલા અને નવા નરોડા રહેતા અર્પણ ઉર્ફે સની જગદીશ ગોસ્વામી મળી ચાર શખ્સોની રૂ. ૭.૭૨ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ફરાર યુવતીને પકડવા તજવીજ શરૂ કરી છે.



# શો મસ્ટ ગો ઓન : મોદી અને રાહુલની કસોટીના એરણ પર હવે દેશના ૧૨ રાજ્યો અને લોકસભા

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

ભાજપને કર્ણાટકમાં સૌથી મોટી પાર્ટી હોવા છતાં ભૂંડી હારનો સામનો કરવો પડ્યો છે. ગુજરાતની રાજ્યસભાની ચૂંટણી પછી ભાજપે બોધપાઠ લીધો નથી તેથી કર્ણાટકમાં આવેલું ગુમાવવાનો વારો આવ્યો છે. કર્ણાટકમાં ભાજપની આબરૂના ધજાગરા ઉડ્યાં છે. એનડીએ અને ભાજપના હાથમાં ૨૦ રાજ્યોમાં સત્તા છે પરંતુ હવે જ્યાં ચૂંટણી આવે છે તે રાજ્યો ભાજપના કબજામાં છે અને તેનું શાસન નબળું પડતું ગયેલું છે. રાજસ્થાનમાં તો દર પાંચ વર્ષે જનતા પાર્ટી જ બદલી નાંખે છે. મધ્યપ્રદેશમાં છેલ્લી ત્રણ ટર્મથી ભાજપની શિવરાજસિંહની સરકાર છે પણ પેટાચૂંટણીના પરિણામોથી તેની મુશ્કેલી વધી છે. હવે મિઝોરમની ૪૦ બેઠકો માટે ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી આવી રહી છે, ત્યારપછી ડિસેમ્બર-જાન્યુઆરીમાં રાજસ્થાનની ૨૦૦, છત્તીસગઢની ૯૦ અને મધ્યપ્રદેશની ૨૩૦ બેઠકો માટેની ચૂંટણી થવાની છે. ૨૦૧૮માં આ ચાર રાજ્યોની ચૂંટણી છે જ્યારે ૨૦૧૯માં લોકસભાની સાથે સિક્કીમ, અરૂણાચલપ્રદેશ, તેલંગાણા, ઓડિસ્સા, આંધ્રપ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડની એમ આઠ રાજ્યોની ચૂંટણી છે. ભાજપ માટે હવે પછીના દિવસો ભારેખમ છે ત્યારે વધુ પડતા આત્મવિશ્વાસ અને અભિમાન છોડીને પાર્ટીના નેતાઓએ ચૂંટણીના કામે લાગવું પડશે, કારણ કે લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપને મહાગઠબંધનનો પણ સામનો કરવાનો રહે છે.ઁ ેનરેન્દ્ર મોદી અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી માટે ૧૨ રાજ્યો અને લોકસભાની ચૂંટણી રાહ જોઈ રહી છે...

**કર્ણાટક જવા દો, ગુજરાતના ૧૯૯૫ અને ૧૯૯૬ના વર્ષોને પણ યાદ કરવા જેવા છે**

**● રાજનીતિ કા કાનૂન- જૈસી કરની વૈસી ભરની...**

કોંગ્રેસને હાથના કર્યા હૈયા વાગી રહ્યાં છે. ભૂતકાળમાં અન્ય પાર્ટીઓની બહુમત સરકારો તોડવાનું કામ કોંગ્રેસના શાસકોએ કર્યું હતું હવે તેનો બદલો ભાજપના નેતાઓ લઈ રહ્યાં છે. ૧૯૯૫ અને ૧૯૯૬માં કોંગ્રેસે ગુજરાતમાં કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતાની બહુમત સરકારોને તોડી હતી. એ સમયે પણ ગવર્નર કૃષ્ણપાલસિંહ અને વિધાનસભાના સ્પીકર ચંદુભાઈ ડાભી બદનામીનો ભોગ બન્યા હતા. કર્ણાટકમાં જે ખેલ થઈ રહ્યો છે તે કોંગ્રેસની નીતિ-રીતિનું જ પરિણામ છે. જનતાએ જ્યારે અધુરો મેન્ડેટ આપ્યો હોય ત્યારે ધારાસભ્યોનું ખરીદ-વેચાણ થાય તે સ્વાભાવિક છે. ગુજરાતનો ઈતિહાસ રહ્યો છે. ખજૂરાહો કાંડ ગુજરાતની જનતા અને ભાજપના પ્રદેશ નેતાઓ ભૂલ્યાં નથી. આ સમયે સૌથી વધુ સહન કરવાનું નરેન્દ્ર મોદીને આવ્યું હતું. કાયદા અને બંધારણની બાબતો ચોપડીના પાને સારી લાગે છે. પાર્ટીઓ માટે તે બંધનકર્તા નથી. ભારતના રાજકારણનો વર્ષો જૂનો ઈતિહાસ છે. કાયદાની છટકબારીનો લાભ પ્રત્યેક રાજનેતા લઈ રહ્યો છે. તટસ્થ મૂલ્યાંકન કરવું હોય તો એક શબ્દમાં એટલું જ કહી શકાય કે—જૈસી કરની, વૈસી ભરની...કર્ણાટકમાં તો ૫૪ કલાક પછી યેદિયુરપ્પાને રાજીનામું આપી દેવું પડ્યું છે પરંતુ પ્રોબ્લેમ હવે શરૂ થવાના છે. કોંગ્રેસ અને જેડીએસ પાંચ વર્ષ પૂરાં કરે તો દેશમાં ઈતિહાસ બની જશે...

**● સરકારના સારા કામમાં સો વિઘ્ન આવે...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ખ્વાબ છે કે ગુજરાતની જનતા બુલેટટ્રેનમાં બે કલાકમાં મુંબઈની સફર કરી શકે પરંતુ આ ખ્વાબમાં અનેક અવરોધો આવી રહ્યાં છે. બુલેટ ટ્રેન માટે જોઈતી જમીન આપવાનો ખેડૂતો ઈન્કાર કરી રહ્યાં છે. આ ખેડૂતો ગુજરાતના છે અને મહારાષ્ટ્રના પણ છે. જમીન અધિગ્રહણ પેટે ખેડૂતોને મળતા વળતરથી તેઓ ખુશ નથી. આ ડ્રીમ પ્રોજેક્ટ પાછળ ૧,૦૮,૦૦૦ કરોડનો ખર્ચ થવાનો છે. આ પ્રોજેક્ટમાં જાપાન સરકારની ૮૧ ટકા લોન છે. કહેવાય છે કે જમીન અધિગ્રહણના મામલે જાપાનના અધિકારીઓ પણ ખુશ નથી. જાપાનાના કોન્સુલ જનરલે મુંબઈ થી અમદાવાદ વચ્ચેની બુલેટ ટ્રેન યોજના અંગે ચિંતા વ્યકત કરી છે. તેમનુ કહેવુ છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ૨૦૨૩માં પૂર્ણ કરવાનો છે ત્યારે હવે અમારી પાસે પાંચ વર્ષ જ છે તેથી જમીન અધિગ્રહણનો વિવાદ ઝડપથી નહીં ઉકેલાય તો પ્રોજેક્ટની ડેડલાઈન ચૂકી જવાશે. કહે છે કે સારા કામ માટે ૧૦૦ વિઘ્ન આવે છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પણ તેમાં અપવાદ નથી...

**● સરકારમાં લોકસભાની તૈયારી શરૂ થઇ છે...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી 'આઉટડોર' મુખ્યમંત્રી હોય તેમ રાજ્યના પ્રવાસે હોય છે. સચિવાલયમાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ વહીવટ સંભાળે છે અને મુખ્યમંત્રી વિજય રૂપાણી જિલ્લાના પ્રવાસ કરે છે. કોમનમેનની જેમ રૂપાણી જિલ્લાઓમાં લોકોને મળે છે. કામોની ચર્ચા કરે છે. લોકોની ફરિયાદોનો નિકાલ લાવે છે. ઉનાળામાં જળસંચય યોજનામાં તેઓ લગભગ તમામ જિલ્લાનો પ્રવાસ કરી ચૂક્યાં છે. ભાજપ સરકારની આ યોજનામાં લોકભાગીદારીનો મતલબ એ થયો કે ગુજરાતના સીએમ ખુદ લોકોના દ્વારે જાય છે અને લોકસભાની ચૂંટણી માટે વોટ પાકા કરી રહ્યાં છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપના વિજયનો મોટો આધાર મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પાર્ટી પ્રેસિડેન્ટ જીતુ વાઘાણી ઉપર અવલંબે છે, કારણ કે લોકસભાની ચૂંટણીના પ્રચારમાં ૪૫ દિવસ ગણીએ તો પણ દેશના ૩૧ રાજ્યો નિભાવવાના હોવાથી મોદી અને અમિત શાહ ગુજરાતમાં વારંવાર આવી શકશે નહીં. આ કામ વિજય રૂપાણી અને જીતુ વાઘાણીએ કરવું પડશે.

**લોકસભાની ચૂંટણીનો ભાર એકલા વિજય રૂપાણીના માથે હોય તેમ લાગી રહ્યું છે**

**● નવમી વાયબ્રન્ટ સમિટ હવે ૧૮મી જાન્યુઆરીએ...**

ગુજરાતમાં વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનો સમય પહેલીવાર બદલવામાં આવ્યો છે. અત્યાર સુધીના આઠ સમિટમાં ઉત્તરાયણ પર્વ દરમ્યાન વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવી છે. એટલે કે ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન વાયબ્રન્ટ સમિટ થઈ છે પરંતુ હવે સરકારે ટાઈમ બદલીને નવમી વાયબ્રન્ટ સમિટ ૧૮ થી ૨૦ જાન્યુઆરી રાખી છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે પહેલી વાયબ્રન્ટ સમિટ ૨૦૦૩માં કરી હતી જે એક હોલમાં હતી. ત્યારબાદ ૨૦૦૫માં અમદાવાદના સાયન્સ સિટીમાં વાયબ્રન્ટ સમિટ કરવામાં આવી હતી. દર બે વર્ષે યોજાતી વાયબ્રન્ટ સમિટ જ્યારથી મહાત્મા મંદિર બન્યું છે ત્યારથી ત્યાં કરવામાં આવે છે. રાજ્યની ૬ વાયબ્રન્ટ સમિટમાં નરેન્દ્ર મોદી યજમાન હતા પરંતુ તેઓ છેલ્લી બે વાયબ્રન્ટ સમિટમાં મહેમાનના રૂપમાં આવે છે. સાતમી સમિટમાં મુખ્યમંત્રી તરીકે આનંદીબહેન પટેલ હતા અને આઠમી સમિટમાં વિજય રૂપાણી હતા. હવે ફરી એકવાર નરેન્દ્ર મોદી વિજય રૂપાણીના ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટના મહેમાન બનીને આવી રહ્યાં છે. મોદી આ સમિટમાં ઉપસ્થિત રહી શકે તે માટે સરકારે વાયબ્રન્ટ સમિટની તારીખ બદલી છે. હવે ઉત્તરાયણ દરમ્યાન આ સમિટ થશે નહીં પરંતુ ઉત્તરાયણ પછી એટલે કે ૧૮મીએ આ સમિટનું મહાત્મા મંદિરમાં જ્યારે ઉદ્દઘાટન થશે ત્યારે વર્લ્ડક્લાસ રેલ્વેસ્ટેશન સાથે ફાઈવસ્ટાર હોટલ પણ ખુલ્લી મૂકાઈ હશે જેમાં દેશ-વિદેશના મહાનુભાવોને ઉતારો આપવામાં આવશે.

**● આદેશ-- જૂની ફાઇલોનો તત્કાલ નિકાલ કરો...**

સરકારમાં ફાઈલોનો ભરાવો થાય તો કોર્ટ જેવી હાલત સર્જાય છે. સરકારના કેટલાક વિભાગો છે કે જેમાં ફાઈલો મહિનાઓ સુધી પડી રહે છે. રાજ્યના શહેરી વિકાસ, ગૃહ, આરોગ્ય, પંચાયત અને મહેસૂલ વિભાગમાં વર્ષોથી ફાઈલો પેન્ડીગ રાખવાનો રિવાજ છે પરંતુ મહેસૂલમાં હવે કોઈ ફાઈલ પેન્ડીંગ નહીં રહે, કારણ કે મહેસૂલના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે જિલ્લા કલેક્ટરોને ટ્વિટર હેન્ડલ આપ્યા પછી તેઓ ફાઈલોના નિકાલ માટે આગ્રહી બન્યા છે. સચિવાલયમાં જેને તુમાર નિકાલ ઝૂંબેશ કહે છે તે પેન્ડીંગ ફાઈલ ક્લિયરન્સને પંકજકુમારે એક અભિયાનના સ્વરૂપમાં શરૂ કર્યુ છે. તેઓ કહે છે કે વિભાગમાં – ક્લિયર ઓલ—થવું જોઈએ. સ્ટેટલેવલ કમિટીમાં આવેલી રાજ્યભરની તમામ ફાઈલોનો નિકાલ કરવાનું તેમનું અભિયાન સફળ બની રહ્યું છે. તેમણે જિલ્લા કલેક્ટરોને પણ એવી સૂચના આપી છે કે પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી પેન્ડીંગ રહેલી ફાઈલોનો ઝડપથી નિકાલ કરવો અને તેનો રિપોર્ટ સીધો ગાંધીનગર કરવાનો રહેશે. રાજ્યના અન્ય વિભાગો કે જેઓ ફાઈલ પેન્ડીંગ રાખે છે તેમના માટે આ એક ઉદાહરણિય પ્રયાસ છે.

**● વડીલોને ઘેરબેઠાં સારવાર, પણ આ છે મુશ્કેલી...**

ગાંધીનગરના સિનિયર સિટીઝન માટે રાજ્ય સરકારે એવી જાહેરાત કરી છે કે એક હજાર રૂપિયાનું રજીસ્ટ્રેશન કરાવવાથી તેમને ઘેરબેઠાં તબીબી સુવિધા આપવામાં આવશે. સરકારની આ જાહેરાત કે નિર્ણય આવકાર્ય છે પરંતુ ગાંધીનગર સિવિલમાં એટલા તબીબો નથી કે જેઓ સિનિયર સિટીઝનની સંભાળ રાખી શકે. રાજ્યભરની સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરો અને નર્સની અછત વર્તાઈ રહી છે ત્યારે સરકારનો આ નિર્ણય કેટલો સફળ થશે તે સવાલ છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલનો સ્ટાફ હંમેશા વીવીઆઈપીની સારવારમાં ખડેપગે હોય છે. ધારાસભ્ય કે મંત્રીઓની તકેદારી રાખવો આ સ્ટાફ સિનિયર સિટિઝનની શું સેવા કરી શકશે અથવા તો શું સારવાર કરશે તે આશ્ચર્યનો વિષય છે. વડીલોને ઘેરબેઠાં તબીબી સારવાર મળે તે ઉત્તમ છે પરંતુ સરકાર પાસે એટલો એક્સેસ સ્ટાફ નથી કે તે ઘર-ઘર જઈને વડીલોની સારવાર કરી શકે. હાલ તો આ નિર્ણય બધાંને ગમ્યો છે પરંતુ જ્યારે ૧૦૦૦ રૂપિયા ભર્યા પછી ડોક્ટર કે નર્સ વડીલના આરોગ્યની તપાસ માટે અને નિદાન માટે ઉપલબ્ધ નહીં હોય ત્યારે મુશ્કેલી થવાની છે. સરકારના આદેશનું પાલન સરકારી હોસ્પિટલો કરતી હોતી નથી તેવી સામાન્ય છાપ ઉભી થયેલી છે.

**એક અધિકારી વિભાગની કાયાપલટ કરે છે, બીજા ઓફિસરો પ્રેક્ટિકલ થતાં નથી**